મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

NEWS ગરવી તાકાત LIVE

૧૯-૧૨-૨૦૨૪ ગુરૂવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૫૮

પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે

તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે

પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં

Garvi Takat app

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

## ટ્રાફિક નિયમનો ભંગ કરનારને સીધા જેલ હવાલે કરવા ગૃહમંત્રી હર્ષ સંઘવીનો આદેશ


# ચલણ નહીં એફઆરઆઈ નોંધી જેલહવાલે કરવા તાકીદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

રાજયમાં વધી રહેલા માર્ગ અકસ્માતોને નિવારવા ટ્રાફિક નિયમોની કડક અમલવારી થઈ રહી છે.તેમ છતાં ટ્રાફિક સમસ્યાનો ઉકેલ નહી આવતા હવે બેફામ પુરપાટ ઝડપે ગાડીઓ દોડાવતા ઓવર સ્પીડ અને ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાની મુશ્કેલીમાં વધારો થઈ શકે છે.

ટ્રાફિક અવરનેસ માટે યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ અમદાવાદનાં સીપી અને ડીજીપીને કડક આદેશ કરતા જણાવ્યું હતું કે, ટ્રાફિકનાં નિયમોનું ઉલ્લંઘન કરનાર લોકોને ચલારી નહી એફઆરઆઈ દાખલ કરો અને સીધા જેલ હવાલે કરવા આદેશ કર્યો હતો.

વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, બેફામ ગતિએ વાહન હંકારનાર અને રોંગ સાઈડમાં વાહન ચલાવનાર સામે એફ.આર.આઈ.દાખલ થશે. સિગ્નલનો ભંગ કરનાર અને રોંગ સાઈડમાં વાહન ચલાવનારને દંડ ફટકારશો નહી સીધા જેલ હવાલે કરો આવા લોકોને સ્લેટ પકડાવી ફોટા પડાવવા માટે અમદાવાદનાં સીપી અને ડીજીપીને વધુ કડક થવા આદેશ કર્યો હતો.



## મહેસાણામાં મૂકબધિર હિલાને સોશિયલ મિડીયાના માધ્યમથી પરિવાર સાથે મિલન

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

કરણનગરથી મળેલી મહિલા બોલી શકતાં ન હતાં જેના કારણે વતન અને પરિવારજનો પત્તો મેળવવો મુશ્કેલ હતો. અંતે, સખીવન સ્ટોપ સેન્ટરના સંચાલક પુષ્પાબેન ચૌહાણે નવો કીમિયો અજમાવ્યો હતો. કપડાં ઉપરથી તેની જ્ઞાતિની ઓળખ થઈ હતી. ત્યારબાદ આ સેન્ટરનાં સંચાલકે તે સમાજના ગ્રૂપ ઉપર આ મુકબધિર મહિલાનો ફોટો ફરતો કર્યો હતો. આ ગૃપના એક સભ્યે આ ફોટો જોયો





અને યુવતીના પરિવારને જાણ કરી. પરિવાર સખી વન સ્ટોપ સેન્ટર પહોંચ્યાં અને તેણીનો કબજો મેળવ્યો હતો. અન્ય રાજયોની અસ્થિર મગજની અનેક મહિલાઓ મહેસાણા આવી પહોંચે છે તેમની સારવાર કરાવવામાં આવે છે અને ભારે જહેમત બાદ વતન અને પરિવારનો પતો મેળવવામાં આવે છે. વાલી વારસો તેનો કબજો લેવા ન આવે તો પુષ્પાબેન ચૌહાણ જાતે યુવતીઓ સાથે દિલ્હી, બિહાર, મહારાષ્ટ્ર, યુપી અને બિકાનેર પહોંચે છે. તેમણે પોતાની સાથે પોલીસ જાપ્તો પણ રાખવો પડે છે. જેથી રસ્તામાં કોઈ અનિચ્છનીય ઘટના બનવાની સંભાવના ટળી શકે.

### જિલ્લા કલેક્ટર એમ. નાગરાજન સહિત ૨૦ અધિકારીઓ સાથેનું ડેલીગેશન કડીની મેસ્કોટ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની મુલાકાત લીધી

# ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલ વિવિધ દેશની કંપનીઓની મુલાકાત લઈ તેના કર્મચારીઓઓ સાથે વાર્તાલાપ કરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાતની અંદર છેલ્લાં ઘણા વર્ષોથી અન્ય દેશ તેમજ અન્ય રાજ્યોના ઉદ્યોગો સ્થાપિત થયાં છે જેના કારણે રાજ્યના તેમજ અન્ય રાજ્યના લોકોને રોજગારી મળે છે. સરકારના સ્ટાટઅપ કોન્સેપ્ટ અંતર્ગત સરકાર આપના દ્વારેની વિચારસરણી સાથે રાજ્યના વેલ ડેવલપ કડી દેત્રોજ રોડ સ્થિત મેસ્કોટ ઈન્ડસ્ટ્રીયલ પાર્કની મંગળવારે મહેસાણા કલેક્ટર, ડીડીઓ સહિત ડેલિગેશને મુલાકાત લીધી હતી. તેમજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલ વિવિધ દેશની કંપનીઓની મુલાકાત લઈ તેના કર્મીઓ સાથે વાર્તાલાપ કરી વિશેષ જાણકારી મેળવી હતી.

કડીના દેત્રોજ રોડ સ્થિત બાબાજીપુરા ગામ નજીક ગુજરાત રાજ્યનો પ્રથમ વેલ ડેવલોપ મેસ્કોટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક આવેલો છે. જેની અંદર જાપાન, ચીન,થાઈલેન્ડ,તાઈવાન સહિત



ભારતના અન્ય રાજ્યોના અગ્રેસર ઉધોગ ગૃપોની ૩૦ જેટલી કંપનીઓ કાર્યરત છે. જે થકી પાર્કની આસપાસ સહિતના ૨૦૦૦ લોકોને રોજગાર મળે છે. જેનો શ્રેષ માત્ર ને માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશના સર્વોચ્ચ વેલ ડેવલોપર્સ મેસ્કોટ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના મેનેજીંગ ડિરેકટર અને બાબાજીપુરા ગામના વતની સંજયકુમાર (મુકેશભાઈ) નટવરભાઈ પટેલને જાય છે. મેસ્કોટ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક આંતરરાષ્ટ્રીય વિચાર સરણી અધતન ઓટો સભર સુવિધા યુક્ત અને અત્યાધુનિક ટેક્નોલોજીના ઉપયોગ સાથે પાર્ક રાજ્યનું રોલ મોડલ બની ગયો છે.

મેસ્કોટ ઈન્ડસ્ટ્રીયલ પાર્કના એમ.ડી સંજયકુમાર નટવરભાઈ પટેલે સુરત,ખેડા,હાલોલ,સાણંદમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક બનાવ્યાં છે. સુરતમાં એમેઝોન કંપની માટે આધુનીક પાર્કનું કામ કરી આપતાં એમેઝોન કંપનીએ શ્રેષ્ઠ ડેવલોપર્સનો એવોર્ડ પણ એનાયત કર્યો હતો.

કડીના મેસ્કોટ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં ૨૪ કલાકમાં અગાઉ મુલાકાત લેવાનું નક્કી કરી કલેક્ટર એમ. નાગરજને તેમની વડીવટી ટીમના તમામ સાથીઓ અને ઙ્ઢર્ઙ્ઘ ડો.હસરત જસમીન સહિતનું ૨૦ ઉપરાંત અધિકારીઓનું એક ડેલિગેશન પાર્કની મુલાકાતે મંગળવારે સાંજે આવી પહોંચ્યું હતું. બેઠકમાં કલેકટર નાગરજને રાજ્યમાં જે વિકાસ થઈ રહ્યો છે તેવો જ ફુલ ફેશમાં હવે મહેસાણામાં શરૂ થનાર છે. મહેસાણા પોલિટિકલ લેબોરેટરીની સાથે હવે ડેવલોપમેન્ટ લેબોરેટરી બની રહી છે. નવા વિચારો,નવા બિઝનેસ ધંધો વ્યવસાય આ બધી રીતે આપણે ચાલી રહ્યા છીએ, આ બધાની આપણને પહેલા ખબર હોવી જોઈએ તે માટે હું અહીંયા આવ્યો છું. આટલું સારું અને સાચું છે તો જોવું પડે અને પછી એનાથી આપણે શું શીખી શકાય, બિઝનેસમેન તો ટોપ કલાસ બોલે પણ અમલ કરવામાં પણ આપણે થોડું જોઈ લેવું પડે.

### કાર ચાલકના શરીરના ભાગે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયા

# મહેસાણામાં કમળ ઉપર કાર ડિવાઈડર કૂદી રોંગ સાઈડ પર જઈ પડતાં ચાલક કારમાં ફસાયો

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણાના કમળ પથ પર આજે એક ગાડી પલટી મારતા ગાડી ચાલકને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.સમગ્ર અકસ્માત ની ઘટના દરમિયાન ત્યાંથી પસાર થતા લોકોએ ગાડી ચાલકની મદદ કરી સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.મહેસાણામા અવારનવાર અકસ્માત ની ઘટનાઓ સામે આવતી હોય છે.ત્યારે આજે મહેસાણાના રાધનપુર રોડ પર આવેલા ગંદા નાળા પર સર્પાકાર આકાર મા બનાવવામાં આવેલા કમળ પથ પર આજે એક ગાડી GJ02Ap4888 ચલાક અગમ્ય કારણોસર તેની ગાડી પર કાબુ ગુમાવી બેસતા ગાડી ડિવાઈડર કૂદી રોગ સાઈડ પર જઈ પડી હતી.

આ દરમિયાન ગાડી આડી થઈ



જતા ચાલક યુવક ગાડીમાં ફસાયો હતો જોકે અકસ્માત ની ગણતરી ની મિનિટોમાં ત્યાં પસાર થતા લોકો દોડી આવી ગાડી સીધી કરતા ચાલકને બહાર કાઢવામાં આવ્યો હતો.જેમાં ગાડી ચલાકના શરીરે ઈજાઓ અને લોહી વહયું હતું.સમગ્ર કેસમાં સ્થાનિક લોકોએ યુવકને સારવાર માટે ખસેડાયો હતો.તેમજ ગાડી ને પણ મોટું નુકસાન થવા પામ્યું હતું.

## વેચવાની છે

**ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ ફોર વ્હીલર વાહન વેચવાનું છે**

ASHOK LEYLAND
DOST PLUS
MODEL 2023
GJ 02-AT 5461
ENGINE NUMBER :
EPHO47738P
CHASSIS NUMBER:
MB1AA22E0PREN1050

સંપર્ક : હરિકૃષ્ણ ચાવડા
7043332387

## વેચવાની છે

**ઈન્ડસઈન્ડ બેંક દ્વારા નીચે જણાવેલ કબજો લીધેલ ફોર વ્હીલર વાહન વેચવાનું છે**

ASHOK LEYLAND
DOST PLUS
MODEL 2023
GJ 02-AT 4488
ENGINE NUMBER :
JPHO32114P
CHASSIS NUMBER:
MB1AA22EXPRJJ7444

સંપર્ક : હરિકૃષ્ણ ચાવડા
7043332387

### ફાયર વિભાગ દ્વારા તળાવમાંથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો

# મહેસાણા પાસે મગુના ગામના તળાવમાં યુવકનો પગ લપસી જતાં મોત નિપજતાં અરેરાટી પ્રસરી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા નજીક આવેલા મગુના ગામના તળાવ માં પગ લપસી જતા એક યુવકનું મોત નીપજ્યું. યુવક ગઈ કાલે સાંજે તળાવમાં ન્હાવા પડ્યો હતો એ દરમિયાન પાણીમાં ડૂબી હતા તેનું મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જાણવા મળી મળ્યું છે.ત્યારે આજે મહેસાણા ફાયર વિભાગ દ્વારા તળાવ માંથી મૃતદેહ બહાર કાઢવામાં આવતા પરિવાર માં શોક ફેલાઈ ગયો છે.



મહેસાણા નજીક આવેલા મગુના ગામમાં રહેતા અને ખેત મજૂરી કરતા ૩૮ વર્ષીય ઝાલા રાજેન્દ્રસિંહ પુનભા નામનો યુવક ખેત મજૂરી કરી પરિવાર નું ગુજરાન ચલાવતો હતો.જ્યાં ગઈ કાલે બપોરે ખેતરમાં પિયત માટે ગયો હતો ત્યારબાદ ત્યાંથી તે પોતાના કપડા ચપ્પલ કાઢી ગામના તળાવમાં ન્હાવા પડેલ હતા.

સમગ્ર ઘટનામાં ઝાલા વિષ્ણુભા એ જણાવ્યું કે કાલ સાંજે મોડે સુધી ઘરે ન આવતા શોધખોળ આદરી હતી એ દરમિયાન તળાવ કિનારે ચપ્પલ અને કપડાં મળી આવતા તે તળાવમાં ડૂબ્યા હોવાનો અનુમાન લગાવતા શોધખોળ આદરી હતી. જોકે આજે સવારે મહેસાણા પાલિકાના ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ફાયર ટિમો ઘટના સ્થળે દોડી આવી હતી.જ્યાં તળાવ માંથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો.સમગ્ર ઘટનામાં મૃતદેહ જોઈ પરિવાર જનો શોકમય બન્યા હતા.

ઝાલા વિષ્ણુભા એ જણાવ્યું કે યુવક ના લગ્ન થઈ ગયા હતા બે પુત્ર પણ હતા તેમજ મૃતક પોતે માતા પિતાનો એક ને એક દીકરો હોવાનું જણાવ્યું હતું.

### વડનગર પંથકમાં તસ્કર ટોળકી સક્રિય બની

# એકજ દિવસમાં 3 બાઈકની ઉઠાંતરી : ગ્રામજનોની સજાગતાના કારણે ત્રણ ચોરો બાઈક મુકી ફરાર

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

વડનગરના કેસીમ્પા ગામે એક જ દિવસમાં ૩ બાઈકની ચોરી થઈ હતી. જેને લઈ ગામમાં ભારે ચર્ચા પ્રસરી જતા ગામ લોકોએ શોધખોળ હાથ ધરી હતી. જેમાં ગામના જ ૩ શખ્સો ૩ પૈકી બે ચોરી કરેલ બાઈક સાથે ઝડપાઈ આવ્યા હતા. જોકે ગામ લોકોને ચકમો આપી ચોરી કરલે બન્ને બાઈક મૂકી ત્રણેય વાહન ચોરો ભાગી છૂટયા હતા. જોકે વડનગર પોલીસે ત્રણેય ચોરો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ આદરી હતી.

વડનગર તાલુલના કેસીમ્પા ગામે રહેતા હસનઅલી નાગલપરા પોતાનું બાઈક લઈ ખેતરે ગયા હતા. જેઓ ખેતરેથી પરત થરે આવવા બાઈક પાસે જતા તેમને પાર્ક કરેલ જગ્યાએ બાઈક મળી આવ્યું ન હતું. જેથી તેમને ઘરે આવી ગામમાં અંગે ચર્ચા કરતા તેમની સાથે તેમના ગામના કાસમભાઈ અને જાફરઅલીનું બાઈક પણ ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. જેથી ગામ લોકોએ બાઈક ચોરી થવા અંગે શોધખોળ કરતા ગામની સીમમાંથી જ તેમના ગામના ૩ શકસો ચોરી થયેલ ૨ બાઈક સાથે ઝડપાઈ આવ્યા હતા.જોકે ત્રણેય ચોર ગામ લોકોને ચકમો આપી ચોરી કરેલ GJ-02 SN ૦૮૪૮ અને GJO2 BR ૯૨૪૫ નંબરના બન્ને બાઈકો સ્થળ પર મૂકી ફરાર થઈ ગયા હતા. જ્યારે ફરિયાદીનું ય્ન ૦૨ મ્સ ૪૬૨૧ નંબરનું હોન્ડા સાઈન બાઈક મળી આવ્યું ન હતું. જેથી ફરિયાદ આધારે વડનગર પોલીસે બાઈક ચોરીનો પ્રયાસ કરતા ઝડપાઈ ઓળખમાં આવેલ કેસમ્પાના અજય વિનુભાઈ વાઘેલા, દિલીપ બરસંગજી ઠાકોર અને ભરત અમરતજી ઠાકોર નામના ૩ વોન્ટેડ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

**જોઈએ છે, કમ્પ્યુટર એન્જીનીઅર (પગાર ૮ થી ૧૦ હજાર)**

મહેસાણા શહેર માટે કમ્પ્યુટર / લેપટોપ / પ્રિન્ટર અને CCTV નું રીપેરીંગ તેમજ સોફ્ટવેર નું કામ કરી શકે તેવા એન્જીનીઅર ની જરૂર છે. ટુ વ્હીલરનું લાયસન્સ હોવું જોઈએ. નીચે આપેલા અમારા સરનામે આપનો CV લઈને રૂબરૂ મળો.

**PRAMAY IT Services**
Basement B-17, Mahalaxmi Complex,
Nr. Tansihq Jweller, Radhanpur Road,
Mehsana. 384002. • Mo.8905104443




ટીન એજર્સ પણ હવે આ નવી માનસિક બિમારીનો શિકાર બનવા લાગ્યા

# મોબાઈલનો વધુ પડતો ઉપયોગ પોપકોર્ન બ્રેઈન સિન્ડ્રોમ સર્જે છે : ચિંતાજનક સ્થિતિ

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના માનવશાસ્ત્ર વિભાગ દ્વારા સર્વે : અભ્યાસ તથા કામકાજમાં એકાગ્રતા ગુમાવવી - ઉંઘને અસર થવા સહિતની સમસ્યા**

તમારો મોબાઈલ જો આસપાસ ના હોય તો તમે અકળાઈ જાવ છો! રાત્રીના સુતા સમયે પણ મોબાઈલ સાથે જ રાખવાની ટેવ લગભગ તમામને છે તમો મોબાઈલ પર કોઈ મુવી કે વિડીયો કલાક સુધી જોઈ શકો છો પણ કોઈ પુસ્તકના બે ચાર પાના વાંચો અને મગજ થાક કે કંટાળો અનુભવે છે!

આ તમામ છે કે તમો પોપકોર્ન-બ્રેઈન સિન્ડ્રોમના શિકાર બની ગયા છો આ એક મોબાઈલ સાથે જોડાયેલી બિમારી કહો તો બિમારી અને તમારી માનસીક નબળાઈ કહો તો નબળાઈ પણ તે તમારા માટે ખતરનાક સાબીત થઈ શકે છે.

આ એક નકારાત્મક માનસીક સ્થિતિ છે. મોબાઈલ પર તમો કેટલો સ્ક્રીન ટાઈમ ગાળો છો તે તમારો મોબાઈલ ખુદ કહે છે પણ તમો તેની ચિંતા કરતા જ નથી. પોપકોર્ન બનતા જોયા છે! જે રીતે તે ફુટે છે તે સ્થિતિ તમારા મગજમાં સતત ચાલતી રહે છે જે તમોને કોઈ કામ પર ધ્યાન કેન્દ્રીત કરવા દેતુ જ નથી. તમારો હાથ આપોઆપ મોબાઈલ ભણી ખેચાઈ જ જાય છે.

હાલમાં જ સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં ખુબજ ગંભીરતાથી કહે છે કે ફકત વયસ્ક નહી ટીન એજરને પણ હવે મોબાઈલની બિમારી થવા લાગી છે. સૌરાષ્ટ્ર યુનિ.એ ૧૫થી૨૯ વયની વચ્ચેના ૧૩૬૪ લોકોના સર્વે કર્યા બાદ આ તારણ કાઢયું હતું.

સૌરાષ્ટ્ર યુનિ.ના માનસશાસ્ત્ર વિભાગના આસી. પ્રોફેસર ધારા દોશી કહે છે કે, આ સર્વેએ ખાસ કરીને પ્રયાસોમાં જે રીતે ઉંઘમાં પણ પોપકોર્ન બ્રેઈન સિન્ડ્રોમ સર્જે છે તે ખતરનાક છે. આ એક વ્યકિતગત અને સામાજીક રોગ બની ગયો છે અને તેમના આ અભ્યાસનો ઉદેશ લોકોમાં એક જાગૃતતા સર્જવાનો છે.

આસી. પ્રોફેસર ધારા દોશીના માર્ગદર્શન હેઠળ આ સર્વે ઉન્નતિ દેસાઈ અને રીંકા વિંઝુડા દ્વારા કરવામાં આવ્યો હતો. તેઓ કહે છે કે, વિદ્યાર્થીઓના અભ્યાસમાં આ સિન્ડ્રોમ ખૂબજ નકારાત્ક પૂરવાર થઈ રહ્યું છે.

વિદ્યાર્થીઓ સ્વીકારે છે કે, તેઓ વાંચવામાં કે અભ્યાસમાં એકાગ્રતા લાવી શકતા નથી. ડિજીટલ ગેઝેટના વધુ પડતા ઉપયોગથી તેઓએ એક એવી સ્થિતિનો શિકાર બને છે કે તેઓ મોબાઈલ નોટીફીકેશન કે તેના સ્ક્રીન પરના કન્ટેન્ટને મિસ કરી રહ્યા છે તેવી બેચેની અનુભવે છે.

જેમ જેમ સ્ક્રીન ટાઈમ વધતો જાય છે તેમ તેમ આ સ્થિતિ વણસતી જાય છે અને પછી તે ભવિષ્યમાં માનસીક રીતે સતત અપસેટ રહે તેવી સ્થિતિ બને છે. આ બિમારીના ભવિષ્યના પણ અનેક ખતરા છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

ગુજરાતમાં દર ૧૦ હજાર દર્દીઓ દીઠ માત્ર ૭૬ બેડ

# કેરળ અને તામિલનાડુમાં ૧૨૭ અને ૧૧૩ બેડ સાથે ટોચ પર : ગુજરાતનું પાંચમુ સ્થાન

(ગરવ તાકાત) ગાંધીનગર તા.૧૯

લોકસભામાં રજૂ કરવામાં આવેલાં ડેટા અનુસાર ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં દર ૧૦૦૦૦ વસ્તી દીઠ ૭૬ બેડ છે, જે રાષ્ટ્રીય સરેરાશ ૬૭ બેડને વટાવી ગયો છે. ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીમાં રાજ્ય સરકાર સંચાલિત આરોગ્ય સુવિધાઓમાં ૪૬૨૩૭ બેડ હતાં. જે ૨૦૧૧ની વસ્તી ગણતરીના ડેટા પર આધારિત છે.



જે અનુસાર ગુજરાતમાં ૬.૦૪ કરોડની વસ્તી હતી. કેરળ અને તમિલનાડુ રાજ્યોમાં અનુક્રમે ૧૦૦૦૦ની વસ્તી દીઠ ૧૨૭ અને ૧૧૩ બેડ સાથે ટોચનાં રાજ્યોમાં છે.

મેડિકલ કોલેજ હોસ્પિટલો, જે એક તૃતીય આરોગ્ય સંભાળ પૂરી પાડે છે જે કુલ બેડના ૩૯ ટકાનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે. સામુદાયિક આરોગ્ય કેન્દ્રોનો હિસ્સો ૨૪ ટકા છે જ્યારે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનો હિસ્સો ૨૦ ટકા છે. જિલ્લા હોસ્પિટલોનો હિસ્સો અનુક્રમે ૧૦ ટકા અને પેટા જિલ્લા હોસ્પિટલનો હિસ્સો ૭ ટકા છે.

ઈન્ડિયન પબ્લિક હેલ્થ સ્ટાન્ડર્ડ્સ ધોરણો અનુસાર પીએચસીમાં ૨૦૦૦૦-૩૦૦૦૦ની વસ્તી દીઠ ૭ ઈન્ડોર અથવા ઓબ્ઝર્વેશન બેડ હોવા જોઈએ. સીએચસીની ૩૦ બેડવાળી હોસ્પિટલો ૮૦૦૦૦-૧૨૦૦૦૦ લોકોને આવરી લે છે, પેટા જિલ્લા હોસ્પિટલો ૩૧-૧૦૦ બેડ સાથે એક લાખથી ૫ લાખ લોકોને આવરી લે છે. જિલ્લા હોસ્પિટલો ૧૦૦ થી ૫૦૦ બેડ સાથે ૩૦ લાખ સુધીની વસ્તીને આવરી લે છે.

જાહેર આરોગ્ય નિષ્ણાતે જણાવ્યું હતું કે ×કોવિડ પછી, રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને હોસ્પિટલની બેડોની સંખ્યામાં વધારો થયો છે. જો કે, સમયની જરૂરિયાત એ છે કે ગ્રામીણ આરોગ્યસંભાળ પ્રણાલીને મજબૂત કરવી જોઈએ. અમદાવાદ જેવાં શહેરોમાં એકંદરે બિન ચેપી રોગોમાં વધારો થયો છે, અને સમયસર અને સસ્તી સારવાર માટે સરકારી હોસ્પિટલો જરૂરી છે.

બેન્ક થાપણો આકર્ષણ ગુમાવે છે? સતત આઠમાં કવાર્ટરમાં વૃદ્ધિ દર ઘટયો

# ગુજરાત રાજ્યના 'સાહસિક' લોકો શેરબજારમાં વધુ નાણા રોકવા લાગ્યા

**સપ્ટેમ્બર કવાટરમાં વૃદ્ધિ દર ફકત ૧૦.૦૭% નોંધાયો : કુલ થાપણો રૂા.૧૨.૬૮ લાખ કરોડ : બેક્રો માટે હવે વધુ રોકાણ આપતા વિકલ્પો પડકાર સર્જે છે**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૮

ગુજરાત સહિત દેશની બેક્રો હવે થાપણો માટે તલસી રહી છે. શેરબજારમાં જે રીતે જંગી નાણા રોકાઈ રહ્યા છે અને રીયલ એસ્ટેટમાં મોંઘા પ્રોજેકટના કારણે નાણા વધુ બ્લોક થઈ રહ્યા છે તેમાં બેક્ર થાપણો જે ૭થી૭.૫% સુધીનું વ્યાજ ઓફર કરે છે તે લોકો માટે આકર્ષણ રહ્યું નથી.



તેથીજ રીઝર્વ બેક્રને હાલ બેક્રો માટેના કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)માં ઘટાડો કરવો પડયો છે જેથી બેક્રોને થાપણોના નેગેટીવ વૃદ્ધિદરની સામે ધિરાણપાત્ર રકમ મળતી રહે અને ગુજરાતમાં સતત આઠમાં કવાટરમાં બેક્રોની થાપણોનો વૃદ્ધિ દર નીચો રહ્યો છે.

જો કે રસપ્રદ રીતે થાપણોની એકંદર રકમ વધી છે. સ્ટેટ લેવલ બેક્રર્સ કમીટીના રિપોર્ટ મુજબ ગુજરાતમાં બેક્ર થાપણો તા.૩૦ સપ્ટે. ૨૦૨૪ના અંતે રૂા.૧૨.૬૮ કરોડની રહી છે જે ગત વર્ષ આ જ સમયગાળામાં રૂા.૧૧.૫૨ લાખ કરોડ હતી. આમ ૧૦.૦૭% વૃદ્ધિ થઈ છે પણ તે સપ્ટેમ્બર ૨૦૨૩માં જે ૧૪.૭૨% હતો તેનાથી નીચો છે.

આમ છેલ્લા ત્રણ કવાટરમાં પણ વૃદ્ધિદર સતત ઘટી રહ્યો છે. ડિસેમ્બર-૨૦૨૨માં તે ૧૫.૪૫% હતો. માર્ચ ૨૦૨૪માં તે ઘટીને ૧૫.૪૨% થયો અને જૂન ૨૦૨૪માં તે ૧૦.૮૯% નોંધાયો જે હવે ૧૦.૦૭% છે. બેક્ર થાપણો એક સલામત રોકાણ ગણાતા હતા પણ હવે લોકો રીટર્ન વળતરની વધુ ચિંતા કરે છે અને તેના માટે જોખમ લેવા પણ તૈયાર છે.

જેની સીધી અસર બેક્ર થાપણોના વૃદ્ધિદર પર પડે છે. ખાસ કરીને શેરબજાર-મ્યુચ્યુઅલ ફંડ-સોનુ આ તમામમાં જંગી નાણા રોકાઈ રહ્યા છે તેની બેક્ર થાપણો તેનુ આકર્ષણ ગુમાવી રહી છે. લોકોને નાણાના વળતરનું મૂલ્ય સમજાયુ છે જે વિકાસ માટે એક સારી નિશાની છે. આમ બેક્રોએ હવે આ બધામાં ટકી રહેવા માટે બેક્ર થાપણોને વધુ આકર્ષક બનાવવી પડશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

**વૃષભ (બ,વ,ઉ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીથુન (ક,છ,ઘ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :**
જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

**મકર (ખ,જ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કુંભ (ગ,શ,સ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

## ફિલ્મી ગપશપ

૨૦૨૪માં પ્રેક્ષકોએ ફિલ્મોમાં સ્ટાર પાવર કરતાં સારી વાર્તા પસંદ કરી

# બોલિવુડની ૨૦૨૪માં વર્ષની બોક્સ ઓફિસમાં ૧૮.૨ ટકાનો ઘટાડો જોવા મળ્યોઃ હિન્દી ફિલ્મોનાં કલેકશનમાં ૨૫ ટકાનો ઘટાડો

મુંબઈ,તા.૧૮

બોલિવૂડ માટે આ વર્ષ સારું નથી રહ્યું મોટા સ્ટારે તેમનો ચાર્જ વધાર્યો છે. મોટા બજેટની ફિલ્મો ફલોપ થઈ રહી છે, જેથી નિર્માતાઓને મોટો ફટકો પડ્યો છે. ઉત્પાદન ખર્ચમાં વધારો થયો છે. ફિલ્મોમાં સર્જનાત્મકતા અને સારી વાર્તાઓ ઓછી જોવા મળી રહી છે તેથી બોક્સ ઓફિસ કલેકશન પણ ઘટી રહ્યું છે.

બોક્સ ઓફિસ રિસર્ચ ડેટા ફર્મ, સેક્નિલ્કના જણાવ્યાં અનુસાર, ૨૦૨૪ માં અત્યાર સુધીમાં કુલ બોક્સ ઓફિસ કલેક્શન ૧૦૭૫૪ કરોડ રૂપિયા થયું છે. જે વર્ષ ૨૦૨૩ માં ૧૩૧૬૧ કરોડનાં કુલ બોક્સ ઓફિસ કલેક્શનની સરખામણીમાં ૧૮.૨ ટકા ઘટયું છે.

હિન્દી ફિલ્મોનાં કુલ બોક્સ ઓફિસ કલેક્શનને ધ્યાનમાં લેવામાં આવે તો સમજી શકાય કે આ ઘટાડો વધુ તીવ્ર છે. ૨૦૨૩ ની સરખામણીમાં ૨૦૨૪ માં હિન્દી ફિલ્મોનું કુલ બોક્સ ઓફિસ કલેક્શન ૨૫ ટકા ઘટીને રૂ. ૪૫૩૪.૨ કરોડ થયું હતું

પ્રોડકશન હાઉસ રેમ્પેજ મોશન પિકચર્સના સ્થાપક રામ મીરચંદાનીએ જણાવ્યું હતું કે, 'સામાન્ય સમજ પ્રબળ હોવી જોઈએ. હવે ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. સ્ટાર્સ, દિગ્દર્શકો અને અન્ય કલાકારોએ એકસાથે આવવું જોઈએ અને તેમનાં ચાર્જનો વાસ્તવિક દૃષ્ટિકોણ લેવો જોઈએ.

કાર્મિક ફિલ્મ્સના સહ-સ્થાપક અને અનુભવી ફિલ્મ વિતરક સુનીલ વાધવાએ જણાવ્યું હતું કે, '૨૦૨૪ માં ફિલ્મો ઓવર બજેટમાં બની હતી અને આ વધારો અભિનેતાઓના ઉચ્ચ પગારના કારણે થયો હતો. તેમણે કહ્યું કે નિર્માતાઓએ ફિલ્મોનાં બજેટને નિયંત્રણમાં રાખવું જોઈએ.

તેમણે કહ્યું કે ઓવર-બજેટિંગ અને નબળી લખાયેલી સ્ક્રિપ્ટને કારણે, ૨૦૨૪ માં, બડે મિયાં છોટે મિયાં અને મેદાન જેવી કેટલીક મોટાં બજેટની ફિલ્મો બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ હતી.

તેમણે કહ્યું કે ૨૦૨૪ માં ઉદ્યોગને શીખવતો બીજો મુખ્ય પાઠ ભંડોળ અને સર્જનાત્મકતામાં વધારો કરવો છે. એક નિર્માતાએ જણાવ્યું હતું કે, 'આજે, એક પ્રોડકશન હાઉસ પોતાની રીતે કોઈ ફિલ્મને ભંડોળ, નિર્માણ અથવા માઉન્ટ કરી શકતું નથી. ઉદ્યોગમાં શું કામ કરશે અને શું કામ કરશે નહીં તે અંગે ઘણી અનિશ્ચિતતા છે.' તેમણે ઉમેર્યું કે 'મને લાગે છે કે અભિગમ જોખમો ઘટાડવાનો હોવો જોઈએ.

મધ્યમ કદના અને નાના કદના પ્રોડકશન હાઉસોએ સર્જનાત્મકતા અથવા ભંડોળ માટે મોટા પ્રોડકશન હાઉસ સાથે ભાગીદારી કરવી જોઈએ. તેમણે કહ્યું કે એક સકારાત્મક ફિલ્મ દર્શકોને થિયેટરોમાં આકર્ષિત કરી શકે છે અને સ્ટાર્સનો પ્રભાવ ઝાંખો પાડી શકે છે અને ફિલ્મને સફળતા અપાવી શકે છે. તેમણે જણાવ્યું કે ૨૦૨૪ માં મોટા અભિનેતાઓની ફિલ્મો બહું કમાણી કરી શકે નહિ જયારે મુંજ્યા, શૈતાન અને સ્ત્રી ૨ જેવી મિડ-બજેટ ફિલ્મોને સફળતા મળી હતી.

ચકચારી ઘટના અંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટએ તપાસ આદરી

# હવે.... તો...હદ થઈ! અમદાવાદ સિવિલ હોસ્પિટલનાં આઈસીયુ વોર્ડમાં ભૂવો વિધી કરી ગયોઃ વિડીયો વાયરલ

અમદાવાદ,તા.૧૮

એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલના આઈસીયુ વોર્ડમાં સારવાર લઈ રહેલા દર્દી પાસે પહોંચી એક ભૂવાએ વિધિ કરી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ચકચાર મચી છે.




૨૧મી સદીમાં પણ અંધશ્રદ્ધાએ પોતાનું વર્ચસ્વ જમાવી રાખ્યું હોવાના હજુ પુરાવા મળી રહ્યા છે. એક તરફ અંધશ્રદ્ધા દૂર કરવા મામલે સરકાર બિલ લાવી રહી છે. બીજી તરફ સરકારી હોસ્પિટલમાં જ આઈસીયુ વિભાગમાં ભૂવાએ વિધિ કરી હોવાગી ઘટના સામે આવી છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં જડબેસલાક સિક્યોરિટી વચ્ચે ભૂવો ઈંભી સુધી પહોંચ્યો અને વિધિ પણ કરી. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ વાયરલ થયો છે. જ્યારે આ સમગ્ર ઘટના મામલે હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટનું નિવેદન સામે આવ્યું છે. જયારે આ સાથે વિજ્ઞાનજથાના ચેરમેન જયંત પંડ્યાનું નિવેદન પણ સામે આવ્યું છે.

હોસ્પિટલના ઈંઈઝ વિભાગમાં ભૂવા દ્વારા વિધિ કરવામાં આવી હોવાની ઘટનાને લઈને વિજ્ઞાન જાથા ચેરમેન જયંત પંડ્યાનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, આવા ભૂવા સામે કાર્યવાહી થવી જોઈએ. ભૂવા થી દર્દી સાજા થાય તો કોરોના સમયે આ ભૂવા ક્યાં ખોવાઈ ગયા હતા. દર્દી ડોકટરની સારવારને લઈ સાજા થયા છે નહિ કે ભૂવા ના કારણે નહિ. ભૂવાને પ્રવેશ આપવા દેનારા સિક્યુરિટી,નર્સ અને ડોકટર સામે પણ કાર્યવાહી થવી જોઈએ. સરકાર દ્વારા તાજેતરમાં લાવવમાં આવેલ કાયદો માત્ર કાગળ પર છે.

સિવિલ હોસ્પિટલમાં ભૂવા દ્વારા વિધિ કરવાની ઘટનાને લઈને ભાજપ પ્રવક્તા ડો.શ્રદ્ધા રાજપૂતનું નિવેદન પણ સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, સિવિલ હોસ્પિટલ મા દરરોજ ૧૭ હજારથી વધારે ઓપીડી આવે છે. સિવિલ હોસ્પિટલમાં ૩૬૫ દિવસ ૨૪ બાય ૭ સારવાર ત્યાંના સ્ટાફ દ્વારા આપવામાં આવી રહી છે . તમામ દર્દીઓના સગાને વિઝિટિંગ પાસ આપવામાં આવે છે. દર્દીઓના સગાંની જવાબદારી છે કે આ પાસનો ઉપયોગ કેવી રીતે થવો જોઈએ. સિવિલનાં સુપ્રિટેન્ડેન્ટ પણ તેની માહિતી મેળવી રહ્યા છે.

પાત્ર ન હોય તેવા લોકોના કાર્ડ બન્યાના કૌભાંડ વચ્ચે

# ગુજરાતમાં પાંચ વર્ષમાં ૪૭.૪૧ લાખ દર્દીઓએ PMJAYમાં સારવાર મેળવીઃ સૌથી વધુ લાભાર્થીની સંખ્યામાં ગુજરાત રાજ્ય ૭માં ક્રમે

ગાંધીનગર,તા.૧૮

અમદાવાદમાં પાત્રતા ન હોય છતાં પીએમજેએવાય- આયુષ્યમાન કાર્ડ બનાવી સરકારી યોજનાને લેભાગુ તત્વોએ રૂપિયા કમાવવાનું સાધન બનાવી દીધુ હોવાનું કૌભાંડ બહાર આવ્યું છે.




બીજી તરફ ૨૦૧૯-૨૦થી ૨૦૨૩-૨૪ સુધી આયુષ્યમાન ભારત-પીએમ જેએવાય યોજના હેઠળ ગુજરાતમાં અત્યાર સુધી ૪૭,૪૧,૭૧૫ દર્દીએ સારવારનો લાભ લીધો છે. પીએમજેએવાય યોજનાનો લાભ લેવામાં ગુજરાત દેશમાં સાતમાં નબરે છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે પીએમજેએવાય યોજનાને લઈને જે કૌભાંડ પકડી પાડયું છે તે દેશમાં અન્યત્ર સ્થળોએ પણ આવું કૌભાંડ ચાલતું હોવાની આશંકા નકારી શકાતી નથી. દરમિયાન રાજયસભામાં ૧૭ ડીસેમ્બરે કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલયે એક સવાલના જવાબમાં આંકડા જારી કર્યા છે.

તે મુજબ, આયુષ્યમાન ભારત પ્રધાન મંત્રી-જન આરોગ્ય યોજનામાં (એબી-પીએમજેએવાય) જે દેશના ૧૨.૩૭ કરોડ પરિવારના ૫૫ કરોડ લાભાર્થીનો સમાવેશ થયો છે. ૩૦ નવેમ્બર-૨૦૨૪ સુધી ૨૯,૯૨૯ હોસ્પિટલ દેશમાં યોજના હેઠળ એમ્પેનલ્ડ થયેલી છે. કેટલાક રાજયોમાં પીએમજેએવાય યોજના હેઠળ સારવાર લીધી હોય તેવા દર્દીઓની સંખ્યા ૯૬ લાખ સુધીની છે.તો ગુજરાતમાં ૪૭.૪૧ લાખ દર્દીએ છેલ્લા પાંચ વર્ષમાં પીએમજેએવાય યોજનાનો લાભ લીધો છે. વર્ષે સરેરાશ ૯,૪૮,૩૪૩ જેટલા દર્દી પીએમજેએવાય યોજનાનો લાભ લઈને રાજયની સરકારી ખાનગી હોસ્પિટલમાં સારવાર કરાવતા હોય છે.

તે સંજોગોમાં મોટાભાગના દર્દીઓ જેન્યુઈન હોવાની સંભાવના મહતમ હોવા છતાં તેમાંથી કેટલા દર્દીઓ પાત્રતા ધરાવતા નહી હોય છતા કાર્ડ મેળવી સરકારની ઉદાર યોજનાનો ગેરલાભ લીધો હશે તે વ્યાપક અને ઉંડી તપાસનો વિષય છે.

૨૦૨૩ના કેગના રીપોર્ટમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં કૌભાંડ હોવાનું રાજ્ય સરકારને જણાવાયું હતું

# બોગસ કાર્ડ, બોગસ દર્દીઓ, PMJAYમાં નવું કૌભાંડ : ૬ની ધરપકડ કરવામાં આવી

**કેગના રીપોર્ટમાં ૫૦ હોસ્પિટલોની તપાસમાં બેડની કુલ ક્ષમતા કરતાં દરેક સમયે ડબલ દર્દીઓ દર્શાવીને સરકાર પાસેથી નાણાં મેળવી લેવાયા હતા : સુરેન્દ્રનગરની મેડીકો મલ્ટી સ્પેશ્યાલીસ્ટનું દ્રષ્ટાંત અપાયું: ૩૪ બેડની ક્ષમતા સામે એક સાથે ૯૭ દર્દીની સારવારના કાગળો બનાવાયા**

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૮

ગુજરાતમાં ખ્યાતિ હોસ્પીટલ બાદ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં બનાવટી કાર્ડનું કૌભાંડ ખુલ્યા બાદ તેમાં ૬ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આ માટે એક બાદ એક સ્થળોએ દરોડા પાડ્યા છે અને સમગ્ર કૌભાંડ દેશવ્યાપી હોવાની પણ આશંકા છે.

ક્રાઈમ બ્રાંચ આ અંગે પોલીસ વડાને પણ રીપોર્ટ કર્યો છે. આ અગાઉ ૨૦૨૩ના કેગના રીપોર્ટમાં આ યોજનામાં મોટી ગેરરીતિ ચાલતી હોવાનો પર્દાફાશ થયો હતો પરંતુ તેમાં સરકાર દ્વારા કોઈ ગંભીરતાથી પગલા ન લાવાતા કૌભાંડીઓની હિંમત ખુલી ગઈ હતી.

કેગ દ્વારા ગુજરાતની ૫૦ જેટલી હોસ્પીટલોમાં આ અંગે તપાસ કરવામાં આવી હતી અને અનેક હોસ્પીટલોમાં બેડની ક્ષમતા કરતા પણ વધુ દર્દીઓની સારવાર કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે. કુલ ૫૦ હોસ્પીટલોમાં ૨૫૫૨ બેડની સુવિધા એક સાથે મોજુદ હતી.

જેમાં તમામ સમયે હોસ્પીટલો ફુલ દર્શાવાતી હતી પરંતુ ક્ષમતા કરતા ડબલ દર્દીઓએ સારવાર લીધી હોવાનું ખુલ્યું હતું. એટલું જ નહીં તેમાં હોસ્પીટલોના નામજોગ સરકારને માહિતી આપવામાં આવી હતી.

સુરેન્દ્રનગરની મેડીકો મલ્ટી સ્પેશ્યાલી હોસ્પીટમાં ૮ માર્ચ-૨૦૨૧ના ૩૪ બેડની ક્ષમતા સાથે ૯૭ દર્દીઓને તે જ સમયે સારવાર આપી હોવાનું દર્શાવાયું હતું. આમ બોગસ દર્દીઓ ઉભા કરીને તેના બોગસ ડોક્યુમેન્ટ પણ ઉભા કરાયા હતા.

તેના આધારે સરકાર પાસેથી જંગી રકમ મેળવાઈ રહી હતી. ગુજરાત સરકારે રુા.૩૧૦૦ કરોડ જેવી રકમ ફાળવી હતી જેમાં અડધો-અડધ રકમ આ રીતે ચાઉં થઈ હોવાનું દર્શાવ્યું હતું. સુત્રોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા જો અગાઉથી પગલા લેવાયા હોત તો તેમાં ખ્યાતિ જેવા પ્રકરણો થયા ન હોય તે નિશ્ચિત છે.

નિયમોમાં ફેરફાર કરવા શાળા સંચાલક મંડળ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

# પ્રિ-સ્કૂલોની નોંધણી માટે ૧૫ વર્ષના બદલે ૧૧ માસનો ભાડા કરાર માન્ય રાખવા માંગણી

અમદાવાદ તા.૧૮

સમગ્ર રાજયમાં હાલમાં કાર્યરત પ્રિ-સ્કુલની નોંધણી માટેની હાલની જોગવાઈમાં ફેરફાર કરવા માટે અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળ દ્વારા ભલામણ કરવામાં આવી છે. જેમાં ૧૫ વર્ષના રજીસ્ટર્ડ ભાડા કરારના બદલે ૧૧ માસ ૨૯ દિવસનો નોટરાઈઝ ભાડા કરાર ગ્રાહ્ય રાખવામાં માંગણી કરવામાં આવી છે.

ઉપરાંત કોઈ પણ પ્રકારની બીયુ પરમિશન હોય તેને ગ્રાહ્ય રાખી દરખાસ્ત મંજૂર કરવા માટે પણ રજૂઆત કરવામાં આવી છે. શાળા સંચાલક મંડળ દ્વારા નિયમોમાં ફેરફાર કરવા માટે મુખ્યમંત્રી સહિત શિક્ષણ વિભાગના અધિકારીઓને પત્ર લખી રજૂઆત કરી છે.

રાજય સરકાર દ્વારા પ્રિ-સ્કૂલો શરૂ કરવા માટેના નિયમો જાહેર કરવામાં આવ્યા છે. તેને લઈને સંચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. આ માટે અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળની બેઠક મળી હતી.

જેમાં પ્રિ-સ્કૂલોના રજીસ્ટ્રેશન માટેના જે નિયમો જોર કરાયા છે તેમાં સુધારા વધારા કરવા માટે ભલામણ કરવામાં આવી છે. બીયુ પરમિશનને લઈને સંચાલક મંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે કે, હાલ રાજયમાં આપવામાં આવતા બીયુ પરમીશન રેસીડેન્સીયલ, કોમર્શીયલ તથા એજયુકેશનલ હોય છે.



તેમાંથી કોઈપણ બીયુ પરમિશન હોય તો દરખાસ્ત વખતે ધ્યાનમાં લેવા માટે માગણી કરવામાં આવી છે.

આ ઉપરાંત ઈમ્પેકટ ભરેલી હોય તો પણ દરખાસ્ત ગ્રાહ્ય રાખવા માટે રજૂઆત કરવામાં આવી છે. સ્ટ્રકચરલ સ્ટેબિલિટીનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવા માટે પણ જણાવાયું છે.

જયારે મકાન ભાડા કરાર બાબતે સંચાલક મંડળ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, હાલના સંજોગોમાં મકાન માલિકો ૧૫ વર્ષનો રજીસ્ટ્રેશન ભાડા કરાર કરવા તૈયાર હોતા નથી, તથા તે બાબત ખર્ચાળ જ પણ છે. જેથી પ્રિ-સ્કૂલની નોંધણી વખતે ૧૧ મહિના ૨૯ દિવસનો નોટરાઈઝ ભાડા કરાર ગ્રાહ્ય રાખવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે.

પ્રોપરાયટરશીપ, પાર્ટનરશીપ કે રજીસ્ટર્ડ ટ્રસ્ટને ગ્રાહ્ય રાખીને પણ દરખાસ્ત સ્વીકારવા માટે માગ કરવામાં આવી છે. પ્રિ-સ્કૂલમાં નર્સરી, જુનીયર કે.જી. અને બાલવાટિકાને ધ્યાનમાં લેવા માટે પણ જણાવાયું છે. તથા બાલ વાટિકાના વિદ્યાર્થીઓના જનરલ રજીસ્ટરમાં સ્થાન માટેનો સ્પષ્ટ પરિપત્ર જોગવાઈમાં મુકવા માટે પણ ભલામણ કરવામાં આવી છે.

## પરીક્ષા લેનાર એજન્સી કમાઈ રહી અને ઉમેદવારો-સરકારને હેરાન થવુ પડે છે : હાઈકોર્ટ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગુજરાત હાઈકોર્ટમાં આજે ફરી ગૌણ સેવા પસંદગી મંડળ અને **TCS**ની કામગીરી સામે સવાલ ઉઠ્યા છે. વર્ગ ૩ની ગુજરાત સબ ઓર્ડીનેટરની પરીક્ષાના એક પ્રશ્નને લઈ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે આ ટકોર કરી હતી. હાઈકોર્ટે કહ્યું કે, પરીક્ષા લેનાર એજન્સી ફીટ ન થતી હોય તો પરીક્ષા કેન્સલ કરી દો. પરીક્ષા લેનાર એજન્સી વિરૂદ્ધ કોર્ટમાં અરજીઓની સંખ્યા વધી રહી છે.



આ કેસની સુનાવણી અંતર્ગત હાઈકોર્ટે કહ્યું કે, પરીક્ષા લેનારી એજન્સી કમાઈ રહી છે અને ઉમેદવારો - સરકારને હેરાન થવું પડી રહ્યું છે. દર વખતે પ્રો ડેટા માર્ક્સ આપવાથી હોનહાર વિદ્યાર્થીઓને નુકસાન થઈ રહ્યું છે.

પરીક્ષા લેનારી એજન્સીને કરોડોની ચૂકવણી બાદ દર વખતે માત્ર પેનલ્ટી ફટકારવી તે યોગ્ય નથી. એજન્સી સામે કડક પગલાં લેવા જોઈએ, પેનલ્ટીથી ઉમેદવારોની માંગ સંતોષાતી નથી.

હાઈકોર્ટે સરકાર અને ગૌણ સેવા પસંદગી મંડળ અને **TCS**ની કામગીરી સામે સવાલ ઉઠાવતા કહ્યું કે, તમે એજન્સીને તમામ પાવર આપી દીધા છે, સરકારના કંટ્રોલમાં કંઈ જ નથી. ઉમેદવારોને સિસ્ટમ પરથી ભરોસો ઊઠી જાય તેવા એકશન આવકાર્ય નથી. એક જ પ્રશ્ના ૨ અલગ અલગ સાચા જવાબ હોવાથી ઉમેદવાર દ્વારા આ બાબતે અરજી કરાઈ છે. પરીક્ષા મુદ્દે ૨૩ ડિસેમ્બરના વધુ સુનાવણી હાથ ધરાશે.

# જીવમાત્ર આરામને શોધે છે, જીવમાત્ર શાંતિ ચાહે છે. એવી શાંતિ કે જે શાંતિનો ભંગ ન થાય..



**યશપાલસિંહ ટી. વાઘેલા**
**દરબાર ગઢ થરા**



આજે ઠંડા શીતળ વાતાવરણ વચ્ચે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો દર્શનમાં નામરૂપ ભૂલાય ત્યારે દર્શનનો આનંદ આવે છે. બ્રહ્મદર્શનનો આનંદ આવે છે. ઈશ્વરદર્શન થયા પછી વેદો પણ ભૂલાઈ જાય છે. ઈશ્વરનો સાક્ષાત્કાર થાય તો વેદની પણ જરૂર નથી. પ્રભુદર્શન થતાં નામરૂપ ભૂલાય છે. પોતાનું ભાન પણ રહેતું નથી. એટલે વસિષ્ઠજી કહે છે કે, મારું નામ પણ હું ભૂલી ગયો છું.

કૌશલ્યાએ બાળકને ગોદમાં લીધો, ને બહાર આવ્યાં. અયોધ્યાની પ્રજા રામલાલાનાં દર્શન કરે છે. જીવમાત્ર આરામને શોધે છે, જીવમાત્ર શાંતિ ચાહે છે. એવી શાંતિ કે જે શાંતિનો ભંગ ન થાય. રામજીની મર્યાદાનું પાલન કરો તો જીવનમાં સાચી શાંતિ મળશે. ધર્મનું ફળ છે શાંતિ, અધર્મનું ફળ છે અશાંતિ. ધર્મની મર્યાદાનું પાલન ન કરે તેને શાંતિ પ્રાપ્ત થતી નથી.સ્ત્રી સ્ત્રીની મર્યાદામાં રહે અને પુરુષ પુરુષની મર્યાદામાં રહે તો શાંતિ મળે. ધર્મમર્યાદા વિનાનાં જ્ઞાન, ભક્તિ કે ત્યાગ સફળ થતાં નથી. આજકાલ જ્ઞાન અને ભક્તિ વધ્યાં છે એમ લાગે છે પણ કોઈને શાંતિ મળતી નથી. તેનું કારણ એ છે કે, કોઈ ધર્મમર્યાદા પાળતાં નથી. ધર્મમર્યાદા પાળ્યા વગર ભક્તિ, જ્ઞાન પણ નકામા છે. ચંદ્ર, સૂર્ય ધર્મની મર્યાદામાં છે. સમુદ્ર પોતાની મર્યાદા છોડતો નથી, ત્યારે લોકોને થોડા પૈસા મળે, અધિકાર વધે, માન મળે, એટલે ઘમંડમાં આવી જાય છે અને માને છે કે હું મોટો સાહેબ છું. મને પૂછનાર કોણ?

બધા દિવ્ય સદગુણો જેમાં એક થાય છે તે પરમાત્મા છે. લક્ષ્મણ જી વિવેકનું, ભરતજી વૈરાગ્યનું અને શત્રુઘ્ન સદવિચારનું સ્વરૂપ છે. ભરત અને શત્રુઘ્ન એટલે વૈરાગ્ય અને સદવિચાર. જો અયોધ્યામાં ન હોય તો દશરથ કૈકેયીને આધીન થાય, નહીંતર નહીં.

ચંદન અને પુષ્પથી રામજીની સેવા કરો એ ઠીક છે, પણ રામજીની આજ્ઞાનું પાલન કરો એ રામજીની ઉત્તમ સેવા છે. ભગવાનની ઉત્તમ સેવા એ છે કે, ભગવાનની આજ્ઞાઓનું પાલન કરવું. જો તેમ કરવા માં ન આવે તો ઈશ્વર કહે છે કે, મારું કહેલું તું કરતો નથી, તો તારી સેવા હું સ્વીકારતો નથી. રામજીનું ચરિત્ર એટલું પવિત્ર છે કે, તેનું સ્મરણ કરતાં આપણે પવિત્ર થઈ જઈએ છીએ. વર્તન રાવણ જેવું રાખો અને રામનામનો જાપ કરો તો રામનામનું ફળ મળતું નથી. વર્તન રામ જેવું રાખો અને રામનામનો જપ કરો તો તાળવા માંથી અમૃત ઝરશે.રામજીની ઉત્તમ સેવા એ છે કે,રામજીનો એક એક સદગુણ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો.

રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી, પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે. જગતનો ઉદભવ માનવધર્મનો ઉપદેશ આપવા માટે થયો છે.રામજી સકળસદગુણોનો ભંડાર છે. પરમાત્મા હોવા છતાં તેઓ સકળ મર્યાદાઓનું બરાબર પાલન કરે છે.વાલ્મિકી વિચાર કરે છે કે, રામને કોની સાથે સરખાવું? રામને શું ઉપમા આપું?બહુવિચાર કર્યો,પરંતુ કોઈ ઉપમા ન જડી ત્યારે બોલ્યા કે, રામ જેવા રામ જ છે.

તમે માનો ગમે તે દેવને, શંકરને, વિષ્ણુને કે કોઈ દેવદેવીને,પરંતુ વર્તન રામજીનું જેવું રાખો.શંકર ના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો. જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ ફળ થશે. અનુકરણ રામજીનું કરવાનું છે. શ્રીકૃષ્ણલીલાઓ અનુકરણ કરવા માટે નથી, પણ તે લીલાઓ શ્રવણ કરી તન્મય થવા માટે છે. ગોકુળલીલામાં પુષ્ટિ છે, રામલીલામાં મર્યાદા છે. રામજીનું સમગ્ર વર્તન અનુકરણીય છે. રામ સર્વ ગુણોના ભંડાર છે. પ્રત્યેક સ્ત્રીમાં રામજી માતૃભાવ કંખતા. મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે. સરવાળે પણ હાથમાં આવતું નથી. રામજી સ્થિર ભાવ રાખવાનું કહે છે. રામ માતાપિતાની આજ્ઞામાં હંમેશા રહેતા.રામ સદા દશરથ-કૌશલ્યા ને પ્રણામ કરતાં.આજે તો છોકરાઓને પિતાની મિલકત હતાં સંકોચ-શરમ નડતાં નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે! માતાપિતા લક્ષ્મી-નારાયણરૂપ છે. તેમને વંદન કરો. સ્વચ્છંદી રીતે કદી ન વર્તો. કથા નથી રઘુનાથજીની ઉદારતાનો, રઘુનાથજીની દીનવત્સલતાનો જોટો જગમાં નથી. રામ જેવા રાજા થયા નથી અને થવાના નથી.રામચરિત્ર દિવ્ય છે . રામજીનું ચરિત્ર સર્વને ડોલાવે છે તેથી મહાત્માઓ તે ચરિત્રને દિવ્ય કહે છે.રામજીની કથા એવી દિવ્ય છે કે,જે એ સાંભળે તે એમાં ભાવ વિભોર થઈ ડોલવા માંડે છે. દેવો, ગંધર્વો પણ આમ ડોલી ઊઠે છે અને કથામાં મસ્ત બની જાય છે. એ જોઈ બ્રાહ્મણને ચિંત થઈ કે, શેષનાગ, જેની ફણા પર આ પૃથ્વી રહેલી છે,તે જો આ રામ કથા સાંભળી ડોલવામાં તો સૃષ્ટિ ની શું દશા થાય? તેથી તેમણે શેષ નાગનેસર્પમાત્રને કાન આપ્યા નથી એમ છે.રામની કથાનું આટલું માહાત્મ્ય છે.કવિઓ કહે

રામજી પિતૃભક્ત છે. પિતાનું બધું રાખ્યું, પણ એક વસ્તુ એમણે રાખી નથી. દશરથનું બહુપત્નીત્વ તેમણે સ્વીકાર્યું નથી. મુખથી નહીં, પણ પોતાના આચરણથી તેમણે એ બતાવ્યું છે. રામજી સર્વ સદગુણના ભંડાર છે. સર્વમાંથી શુભ લેનારા છે, પણ વડીલોમાં જે લેવા જેવું તે જ લીધું છે. પુરુષ એક જ સ્ત્રીમાં ભાવ રાખે અને ધર્માનુકૂલ જીવન ભોગવે તો તે ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી છે. રામજી આંખ ઊંચી કરી કોઈને જોતા નથી. સીતાજી પણ આંખ ઊંચી કરી પરપુરુષને જોતાં ન હતાં. આ શાસ્ત્રની મર્યાદા છે. આવી મર્યાદા પાળશો તો જીવન સુધરશે. વાલ્મીકિ-રામાયણના સુંદર કાંડમાં એક કથા છે. હનુમાનજી સીતાજીને અશોકવન માં મળે છે. વિદાય વખતે સીતાજી તેમને કહે છે, તું આવ્યો તે સારું થયું, પણ તારા ગયા પછી રાક્ષસીઓ મને ત્રાસ આપશે.

ત્યારે હનુમાનજી કહે છેકે, આજ્ઞા કરો તો હમણાં જ આપને ઉપાડી ને રામજી પાસે લઈ જાઉં. સીતાજી કહે છે કે, ના. તું મારો દીકરો છે,તું બાળબ્રહ્મચારી છે, પવિત્ર છે, પણ તું પુરુષ અને હું સ્ત્રી છું. મારા માટે પરપુરુષનો સ્પર્શ વર્જ્ય છે.

મનુષ્યજીવનના આવા ઉચ્ચ આદર્શ રામકથામાં આપણને જોવા મળે છે. તેવા બીજે ક્યાંય નથી મળતાં. સ્ત્રી પતિ સિવાય કોઈ સાધુ સંતોનો પણ ચરણ સ્પર્શ ન કરે.સીતાજી આદર્શ સ્ત્રી ધર્મનું તત્ત્વ જગતને બતાવે છે, રામસરળ છે પણ સીતાજીની સરળતા અલૌકિક છે.

વડીલનું દિલ કોઈ દિવસ ન દુભાવવું. રામજીને કૈકેયીએ વનવાસ આપ્યો. ત્યારે કૈકેયીને પળે માનમાં રામજીએ કહયું છે, મા, મારો ભરત રાજા થતો હોય તો ચૌદ વર્ષ તો શું, હું કાયમને માટે વનમાં રહેવા તૈયાર છું.મા,હું જાણું છું કે, તારો મારા તરફ પક્ષપાત છે. ભરત કરતાં તારો પ્રેમ મારામાં વિશેષ છે એ હું જાણું છું. હું જાણું છું કે, ઋષિમુનિઓનો મને સતસંગ પ્રાપ્ત થાય એટલા જ માટે તે મને વનવાસ આપ્યો છે. અમારા કલ્યાણ સિવાય તમારા મનમાં બીજી કોઈ કામના નથી. આવું જેનું મન છે તેની સામે કૈકેયી પણું પણ આખરે ટકી શકતું નથી. શિવજી રોજ રામકથા ઉમાને સંભળાવે છે. હનુમાનજી રામકથા સાંભળે છે.રામાયણની કથા શિવજીએ એક કરોડ શ્લોકમાં લખી છે. એક વખત દેવો, ઋષિઓ અને મનુષ્યો શિવજી પાસે એ રામાયણની માગણી કરવા ગયા. રામાયણના શ્લોક એક કરોડ. તેના ત્રણ માગ કરતાં દરેક ભાગે ૩૩,૩૩,૩૩૩ શ્લોક આવ્યા. વહેંચણી કરતાં એક શ્લોક વધ્યો. તેને માટે ત્રણ વચ્ચે ઝઘડો થયો. એક પણ કોઈ જવા દેવા તૈયાર નથી. શિવજીને ઝગડો ગમતો નથી. જ્યાં યુદ્ધ નથી, વેર નથી, સ્વાર્થ નથી, વાસના નથી, વિષમતા નથી, ત્યાં અયોધ્યા છે અને ત્યાં રામ અવતાર ધારણ કરીને આવે છે. જ્યારે કૈકેયીના મનમાં વિષમતા, વાસના કે સ્વાર્થ જાગે, ત્યારે રામ અયોધ્યા છોડી જાય છે. બળદ અને સિંહ, ઉંદર અને સર્પ, મોર અને સર્પ વચ્ચે જન્મસિદ્ધ વેર છે.છતાં શિવજી ના દરબારમાં આવ્યા પછી એ પશુઓ પણ વેર ભૂલી જાય છે અને બળદ સિંહ સાથે રહે છે. ગરુડ અને સર્પને પણ જન્મથી વેર છે, છતાં વિષ્ણુ ભગવાન પાસે વેર નથી. શિવજીએ કહ્યું કે,શ્લોક એક છે અને લેનાર ત્રણ છે.શ્લોકમાં અક્ષરો હતા બત્રીસ,એટલે શ્લોક ના અક્ષરો ગણ્યા તો બત્રીસ થયા. તેમાંથી એક એકને દસ દસ આપ્યા. આ પ્રમાણે પ્રેસ અથરો જતાં બાકી રહ્યા બે અક્ષરો. શિવજીએ કહ્યું કે, આ બે અક્ષરો હું રાખી લઉં છું. બધું સાપ્યું પણ રામ શિવજીએ બે અક્ષર કોઈને આપ્યા નહીં.તે પ્રમાણે રામને હંમેશાં હૃદયમાં રાખજો. ભગવાન શંકર રામાયણના આચાર્ય કહેવાય છે. શિવજી જગતને બતાવે છે કે,ઝેર પી ગયા, પણ રામનામના પ્રતાપથી મને કાંઈ થયું નહીં. જીવનમાં ઝેર પીવાના અનેક પ્રસંગો આવે છે. જ્યારે ઝેર પીવાનો પ્રસંગ આવે ત્યારે પ્રેમથી શ્રીરામ શ્રીરામ બોલો. સંસારમાં પણ નિંદા, વ્યાધિ વગેરે ઝેર છે. બાળવા આવે ત્યારે રામનામનો જપ કરજો.

ભગવાન શિવ રામ નામ અમૃતનું નિત્ય પાન કરે છે તેથી તે શિવ છે. કલ્યાણ સ્વરૂપ છે. ભજીએ કહ્યું છે કે, હું રામજીની કથા કરું છું, પણ રામજી કેવા છે તે હજુ હું જાણતો નથી. -રજનો આ વિનય છે.જે જાણે છે કે હું કાંઈ જાણતો નથી એ જ બધું જાણે છે.શિવજી જેવા નવો વિનય કરે છે,જ્યારે આપણા અલ્પ ભણેલા ઓ મહા જ્ઞાની હોવાનો દેખાવ કરે છે. અયોધ્યામાં રઘુનાથજીનું પ્રાગટ્ય થયું છે. લક્ષ્મણ-ભરત-શત્રુઘ્નની સાથે રઘુનાથજી કૌશલ્યાના આંગણામાં રમે છે. ધીરે ધીરે રામચંદ્રજી મોટા થયા છે. રામચંદ્રજી રમતગમતમાં પણ શ્રમની. આપણે શું કરીએ છીએ?આજે તો ભાઈની મિલકત માટે કે પૈસા માટે એકબીજા પર દાવો મ. કોર્ટે જાય છે, પણ જો મોટો ભાઈ રામ બને અને નાનો ભાઈ ભરત બને. તો આજે પણ ભાઈઓનાં દિલ દુભાવતા નથી. રમતમાં પણ તેઓ જીતવાનું પસંદ કરતા નથી. પોતાના નાનાભાઈની જીતને પોતાની જીત સમજે છે. રમતમાં પણ રામજીએ ભરતનું દિલ દુભવ્યું નથી. ત્યારે આપણે શું કરીએ છીએ? આજે તો ભાઈની મિલકત માટે કે પૈસા માટે એક બીજા પર દાવો કરે છે, કોર્ટે જાય છે, પણ જો મોટો ભાઈ રામ બને અને નાનો ભાઈ ભરત બને,તો આજે પણ રામરાજ્ય થાય.

## પાલનપુર એરોમાં સર્કલ પર ટ્રાફિક સમસ્યાનો મુદ્દો દિલ્લી પહોંચ્યો

# બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોરે કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીને બ્રિજ અથવા અંડરપાસ બનાવવા રજૂઆત કરી

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

પાલનપુર એરોમાં સર્કલ પર ટ્રાફિક સમસ્યાનો મુદ્દો દિલ્લી સુધી પહોંચ્યો છે. બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરીને ટ્રાફિક સમસ્યા મુદ્દે રજૂઆત કરી છે. પાલનપુર એરોમાં સર્કલ ટ્રાફિક અને એરોમાં સર્કલ પર બ્રિજ અથવા અંડરબ્રિજ બનાવવા સાંસદ ગેનીબેને રજૂઆત કરી છે. પાલનપુર એરોમા સર્કલ પર આયે દિન ટ્રાફિકની સમસ્યા જોવા મળતી હોય છે. ટ્રાફિક સમસ્યાના કારણે વાહન ચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરતા હોય છે.



સાંસદ ગેનીબેન ઠાકોરે રજુઆત કરતા જણાવ્યું કે, NH ૨૭ પાલનપુર શહેરમાંથી પસાર થાય છે, જે ભારત રાજયના મહત્વના શહેરો કંડલા, મુન્દ્રા અને ગુજરાત રાજયની આર્થિક રાજધાની સાથે જોડતો મહત્વનો ધોરીમાર્ગ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ પાલનપુર શહેરની મધ્યમાંથી પસાર થાય છે અને તમામ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વાહનો આ અત્યંત વ્યસ્ત હાઈવેનો ઉપયોગ કરે છે. પાલનપુર-અમદાવાદ હાઈવે, પાલનપુર-ડીસા હાઈવે, પાલનપુર-આબુ રોડ હાઈવે અને આબુ રોડથી પાલનપુર તરફ જતા અને આવતા તમામ વાહનો આ જંકશન પરથી પસાર થાય છે. વધુમાં, કોલેજો, શાળાઓ, કોમર્શિયલ કોમ્પ્લેક્સ, રહેણાંક સોસાયટીઓ, સ્થાનિક ટ્રાફિક પણ NH-૨૭ ની બંને બાજુએ જંકશનથી આબુ રોડ સુધીના આ રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ઉપયોગ કરે છે. આવી સ્થિતિમાં પાલનપુર શહેરમાંથી પસાર થતા આ હાઈવે પર સતત ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે જેના કારણે પાલનપુર શહેરના વાહનચાલકો તેમજ આ હાઈવેનો ઉપયોગ કરતા વાહન ચાલકોને દરરોજ ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડે છે.

આ અંગે વારંવાર જિલ્લા કક્ષાના સંકલન કાર્યક્રમોમાં વિવિધ અધિકારીઓએ મને આ સમસ્યાના નિરાકરણ માટે એરોમા સર્કલથી બિહારી બાગ પારપડા રોડ સુધી નેશનલ હાઈવે-૨૭ પર એલિવેટેડ ઓવરબ્રિજ અથવા અંડરપાસ બનાવવાનું સૂચન પણ કર્યું છે. તેથી, આપને વિનંતી છે કે, પાલનપુર શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈવે NH-૨૭ પર થતા રોજબરોજના ટ્રાફિક જામ અને એરોમા સર્કલથી બિહારી બાગ પારપડા રોડ સુધી એલિવેટેડ ઓવરબ્રિજ બનાવીને પાલનપુરના લોકોને અને હાઈવેના વપરાશકારોને પડતી અગવડતાનો વિચાર કરો અંડરપાસના નિર્માણ માટે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપો.

## લાખો રૂપિયાના ખર્ચે થતી સર્જરી નિઃશુલ્ક કરાઈ

# દર્દીને કમરના ભાગે ત્રણ મણકામાં ચેપ હોવાથી જનરલ સિવિલ હોસ્પિટલ ખાતે સ્પાઈન સર્જરી કરાઈ

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

કરોડસ્તંભ મગજને સંદેશા મોકલતી કરોડરજ્જુનું રક્ષણ કરે છે. કરોડસ્તંભ અથવા કરોડરજ્જુને જ્યારે ઈજાઓ થાય ત્યારે સંદેશાઓનું વહન અટકી જતું હોય છે. આવી સ્થતિમાં સર્જરીની જરૂર પડી શકે છે. આ જ પ્રકારનો એક કિસ્સો પાલનપુરમાં સામે આવતા ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જનરલ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે પાલનપુરના ૭૫ વર્ષીય મહિલાને છેલ્લા ૬ મહિનાથી કમરના ભાગે દુખાવો થતાં ઉઠવા તેમજ બેસવા જતાં ભારે તકલીક પડતી હોવાથી દોઢ મહિનાથી પથરીવશ બનેલા દર્દીને અલગ અલગ ખાનગી હોસ્પિટલોમાં તબીબી સારવાર લેવામાં આવી હતી. પરંતુ દુખનું નક્કર પરિણામ ના મળતા થોડાક દિવસો બાદ અચાનક કમરના ભાગે અસહ્ય દુખાવો ઊપડતાં પરિવારે પોતાના વાહન મારફતે પાલનપુર ખાતે આવેલી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી ટ્રોમા સેન્ટર ખાતે લઈ જવાયા હતા.



સિવિલ હોસ્પિટલ ટ્રોમા સેન્ટર ખાતે મહિલા દર્દીને જરૂરી દવાઓ બાદ સ્પાઈન સર્જરી ઓર્થોપેડિક વિભાગ ખાતે લઈ જવાયા હતા. ઓર્થોપેડિક વિભાગ ખાતે જ્યાં ફરજ પરના તબીબો દ્વારા દર્દીના અગાઉના તમામ જૂના રિપોર્ટ તપસ્યા બાદ જેમાં સિવિલ સુપ્રિટેન્ડેન્ટ ડો, સુનિલભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ સ્પાઈન સર્જન ડો ,ધવલ પ્રજાપતિ તેમજ એનેસ્થેસિયા ડો, દીક્ષિત. ડો શ્વેતા, ડો. રિદ્ધિ સહિતની ડૉક્ટર ટીમ દ્વારા સિવિલ હોસ્પિટલ ખાતે કમરના મણકાનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. ત્રણ મણકામાં રહેલો ચેપ દૂર કરી કમરના મણકામાં સ્ક્રૂ નાખી મણકાને ફિક્ક્સ કરી સ્પાઈન સર્જરી કરાઈ હતી.

જે બાદ સિવિલ હોસ્પિટલ નવીન સીબીસી, થાઈરોઈડ ,સોનોગ્રાફી,એમઆરઆઈ,એક્ષરે સહિતના રિપોર્ટના આધારે તપાસ કરવામાં આવતા ટીબી હોવાનું સામે આવતા તબક્કાવાર દવાઓ ચાલુ કરવામાં આવી હતી. જેમાં દર્દી ટીબી ઉપરનો કાબૂ આવતા ઓપરેશનના બીજા દિવસે દર્દી જાતે પોતાની રીતે હલન ચલન કરતું થયું હતું.

આ પ્રકારની સર્જરી જનરલ સિવિલ હોસ્પિટલ ખાતે દર અઠવાડિયાના સોમ તેમજ ગુરુવારના રોજ ચાલુ કરવામાં આવી છે. લાખો રૂપિયાના ખર્ચે થતી સારવાર જનરલ સિવિલ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક કરવામાં આવતા પરિવારે જનરલ સિવિલ હોસ્પિટલ તેમજ ડૉક્ટર સહિત નર્સિંગ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો હતો.

# LCBએ આંતરી ગામે ૨૦૦૦ લીટર વોશ અને ૩૬૦ લીટર દેશી દારુ ઝડપ્યો; પોલીસે રૂપિયા ૧.૨૨ લાખનો મુદામાલ કબજે કર્યો

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૮

સાબરકાંઠા LCBએ બાતમીના આધારે વિજયનગરના આંતરી ગામે રહેણાંક મકાનના પાછળ ટેકરા પરથી ખુલ્લામાંથી ૨૦૦૦ લીટર વોશ અને ૩૬૦ લીટર દેશી દારુ ઝડપી લીધો હતો. પોલીસે કુલ રૂ. ૧.૨૨ લાખનો મુદ્દામાલ કબજે લઈને ફરાર આરોપી સામે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા LCBને બાતમી મળી હતી કે, વિજયનગરના આંતરી ગામે રહેતા મંગળાજી વાલજી ભગોરા તેના ઘરની પાછળ અને ટેકરા પર વોશ અને દેશી દારૂ ગાળે છે. જેને લઈને LCB PI એસ.એન.કરંગીયાની



સુચનાથી PSI એસ. જે. ચાવડા ટીમ સાથે આંતરી ગામે મંગળાજી ભગોરાના ઘરે પહોંચ્યા હતા. જ્યાં તે ઘરે ન હતા ત્યાર બાદ તપાસ કરતા ઘરની પાછળથી ૧૮ પ્લાસ્ટીકના કેરબામાં રૂ. ૭૨ હજારનો ૩૬૦ લીટર દેશી દારૂ અને ટેકરા પર બે પ્લાસ્ટિકની ટાંકીઓમાં રૂ. ૫૦,૦૦૦નો ૨૦૦૦ લીટર વોશ મળી આવ્યો હતો. જેને લઈને LCB રૂ. ૧,૨૨,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈને વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરાર મંગળાજી વાલજી ભગોરા સામે ગુનો નોધાવ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં નાસતા ફરતો આરોપી ઝડપાયો

(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૮

સાબરકાંઠા LCB દ્વારા ૭મી ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી નાસતા ફરતા પકડવા માટેની અલગ અલગ ટીમો બનાવી છે જેને લઈને PSI એસ.જે.ચાવડાની ટીમ ૧એ નાસતા ફરતા આરોપીઓની તપાસમાં હતા. દરમિયાન પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ચોરીના ગુનામાં નાસતા ફરતા ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના કુવાદરા ગામે રહેતા આકાશ SO પ્રકાશ બારોટ



અમદાવાદથી મળી આવ્યો હતો. જેને પકડીને આગળની કાર્યવાહી માટે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવ્યો હતો.

## ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરે જિલ્લાની મુલાકાત લીધી

# જિલ્લામાં બાળકોના અધિકારો માટે વહિવટી તંત્ર અને સંસ્થાઓ દ્વારા કરાતી કામગીરી અભિનંદનને પાત્ર છે : ધર્મિષ્ઠાબેન ગજ્જર

(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રીમતી ધર્મિષ્ઠાબેન ગજજરે સાબરકાંઠાની મુલાકાત લઈ બાળકોના અધિકાર અને તેમની સંભાળ અંગે અમલીકરણ અધિકારીઓ સાથે બેઠક કરી વિગતવાર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું.



આ બેઠકમાં સાબરકાંઠા જિલ્લામાં બાળકોના વિકાસ માટે કરવામાં આવતી પ્રવૃતિ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં બાળકોના પોષણ, આરોગ્ય અને શિક્ષણ, પાલક માતા-પિતા યોજના, પા પા પગલી પ્રોજેક્ટ, બાળકોના પુનઃ સ્થાપન તેમજ બાળકો માટેની વિવિધ યોજનાઓ અંગે અધ્યક્ષાને અમલીકરણ અધિકારીઓ દ્વારા જાણકારી આપવામાં આવી હતી. આ સાથે બાળકો સાથે થયેલા ગુન્હા , પૉસ્કો કેસ અંગે જાણકારી આપી હતી.

આ પ્રસંગે અધ્યક્ષ શ્રીમતી ધર્મિષ્ઠાબેને જણાવ્યું કે, ટેક હોમ રાશન, મધ્યાન ભોજન બાળકોના શારીરિક, માનસિક સ્વાસ્થ્ય સારું રહે તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વસ્થ ભારતના સ્વપ્ન ને સાકાર કરવાની દિશામાં એક મહત્વ પગલું છે. બાળકોને બેડ ટચ ગુડ ટચનું શિક્ષણ આપવા, શાળામાં દીકરીઓ માટે સ્વ રક્ષણની તાલીમ આપવા જણાવ્યું હતું.

સાબરકાંઠા જિલ્લામાં ટ્રાયબલ વિસ્તાર હોવાથી તે વિસ્તારમાં મહિલા અને બાળ વિકાસ પર વિશેષ ભાર મુકતા જણાવ્યુ કે, બાળકોના હિત અને અધિકારો માટે વિશેષ કાળજી લેવી. તમામ અધિકારીઓ ખુબ સારુ કામ કરો જ છો તે માટે સૌને અભિનંદન પાઠવુ છું, પરંતુ આ કામને સારુ નહિ શ્રેષ્ઠ કરો. બાળકો ભારતનુ ભાવિ છે. આ ભાવિને તંદુરસ્ત અને સ્વસ્થ બનાવા માટે તમામ અધિકારીઓ સાથે મળી કામ કરે તે માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી ડો. રતન કંવર ગઢવીચારણ, જિલ્લા પોલીસ વડાશ્રી વિજય પટેલ, ઈ.ચા જિલ્લા વિકાસ અધિકારીશ્રી પાટીદાર, નિવાસી અધિક કલેક્ટરશ્રી કિષ્ના વાઘેલા તમામ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ઉ.ગુજ.ના ચાર જિલ્લા માં આયોજિત સામાજિક સમરસતા યાત્રાનું ચાણસ્મામાં ભવ્ય સામૈયું

# સામાજિક સમરસતા યાત્રા ચાણસ્મા શહેરના વિવિધ માર્ગો પરથી પ્રસ્થાન પામતા સનાતન પ્રેમીઓએ યાત્રાને વધાવી

પાટણ તા. ૧૮

વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંત મહેસાણા વિભાગ દ્વારા તારીખ ૧૫ ડિસેમ્બર થી તારીખ ૨૧ મી ડિસેમ્બર ના સમય દરમિયાન કેન્દ્રીય યોજના મુજબ ઉત્તર ગુજરાતના મુખ્ય ચાર જિલ્લાઓ માં આયોજિત કરાયેલી સામાજિક સમરસતા યાત્રાનો પીપરાળા ગામેથી પ્રારંભ કરાયા બાદ મંગળવારના રોજ આ સામાજિક સમરસતા યાત્રા ચાણસ્મા શહેરમાં આવી પહોંચતા નગરશ્રેષ્ઠીઓ... વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ના કાર્યકર્તાઓ સહિત રાજકીય,સામાજિક આગેવાનો દ્વારા યાત્રાનું ચાણસ્મા સરદાર ચોક ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સામાજિક સમરસતા યાત્રા મા ભારત માતાનું પુજન અને સમૂહ આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ યાત્રા શહેરના વિવિધ માર્ગે પરથી પ્રસ્થાન થતાં ચાણસ્મા ની સનાતન પ્રેમી જનતા દ્વારા યાત્રાનું ઠેર ઠેર




સ્વાગત સન્માન કરવામાં આવ્યું હતું.

વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત મહેસાણા વિભાગ દ્વારા આયોજિત કરાયેલી આ સામાજિક સમરસતા યાત્રા નો મુખ્ય ઉદ્દેશ એક મંદિર.. એક કૂવો.... એક સ્મશાન ... તેમજ દરેક સનાતન પ્રેમીઓમાં સમાનતાનો ભાવ પ્રબળ બને અને હિન્દુ રાષ્ટ્ર નું નિર્માણ થાય તે રહેલો હોવાનું યાત્રામાં જોડાયેલા વિશ્વ હિન્દુ પરિષદ કેન્દ્રીય મંત્રી દેવજીભાઈ રાવત તેમજ ગોતરકાના સંત બ્રહ્મ મુનિ બાપુ એ જણાવ્યુ હતું કે આ ચાર જિલ્લા ની યાત્રા તા.૨૧ ડિસેમ્બરના રોજ નંદાસણ ખાતે સંપન્ન થનાર હોવાનું જણાવ્યું હતું. યાત્રામાં સામાજિક સમરસતા આયામ ક્ષેત્ર પ્રમુખ રસેશભાઈ રાવલ .પ્રવીણભાઈ ભટ્ટ. ભો ધર્માચાર્ય સંપર્ક પ્રાંત ટોલી સદસ્ય નીતિનભાઈ વ્યાસ . ભોજુભા જાડેજા .ભરતભાઈ કોઠીવાલા .પાટણ જિલ્લા મંત્રી વિશાલભાઈ રામાવત. રમણીકભાઈ સુથાર . વિષ્ણુભાઈ પટેલ .મહેન્દ્રભાઈ પટેલ .મિતેશભાઈ પટેલ .મયંકભાઈ સથવારા. દીપકભાઈ રાઠોડ અને બાબુભાઈ પ્રજાપતિ આ સર્વેની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# સંક્ષિપ્ત સમાચાર

## મહેસાણા જિલ્લામાં સુશાસન સપ્તાહ અંતર્ગત "પ્રશાસન ગાવ કી ઓર" કેમ્પેઈન રાખવામાં આવ્યું

### જિલ્લાની તમામ વિભાગની કચેરી તેમજ જિલ્લા/તાલુકા મથકે સુશાસન સપ્તાહ દરમિયાન લોક ફરીયાદ તથા રજુઆતોના નિકાલ માટે આયોજન કરવામાં આવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે ગુડ ગવર્નન્સ વીક-૨૦૨૪ સુશાસન સપ્તાહ અંતર્ગત તા.૧૯/૧૨/૨૦૨૪ થી તા.૨૪/૧૨/૨૦૨૪ દરમિયાન "પ્રશાસન ગાવ કી ઓર" કેમ્પેઈન રાખવામાં આવ્યું છે. જે અંતર્ગત જિલ્લાની તમામ વિભાગની કચેરીના તેમજ જિલ્લા/તાલુકા મથકે સુશાસન સપ્તાહ દરમિયાન લોક ફરીયાદ તથા રજુઆતોના નિકાલ માટે આયોજન કરવામાં આવ્યું છે તેમજ ઓનલાઈન સેવા વિતરણનું પણ આયોજન રાખવામાં આવ્યું છે.

## વડનગર તાલુકાના સિપોર અને ખટાસણા ગામે પ્રાકૃતિક ખેતી કલસ્ટર બેઝ તાલીમ યોજાઇ હતી




(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત વડનગર તાલુકાના સિપોર અને ખટાસણા ગામે પ્રાકૃતિક ખેતી કલસ્ટર બેઝ તાલીમ યોજાઈ હતી. જેમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરીને ખેડૂતોને બીજામૃત, જીવામૃત તેમજ આંતરપાકો પદ્ધતિ વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું એમ નવાપુરા -સુલતાનપુરાના ગ્રામસેવક નરેંદ્રભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતુ .

પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત ટેકનિકલ માસ્ટર ટ્રેનર અને ફાર્મર માસ્ટર ટ્રેનર દ્વારા લોકોને ખાતાની યોજના ,પીએમ કિસાન સમ્માન નિધિ યોજના, ઘન જીવા મૃત, જીવામૃત , બીજા મૃત, પ્રાકૃતિક ખેતી ના ફાયદા અને તેનાથી આરોગ્ય પર શુ અસર થાય છે તેની અંગેની માહિતી આપ વામા આવી હતી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના પ્રાકૃતિક કૃષિના વેગને ધ્યાનમાં લઈને લોકો વધારેમાં વધારે પ્રાકૃતિક ખેતી કરતા થાય તે માટે સમગ્ર રાજ્યની સાથે મહેસાણા જિલ્લામાં પણ પ્રયત્નો થઈ રહ્યા છે.પ..હેમ

## વડનગર તાલુકાના રાજપુર વડ ગામે પ્રાકૃતિક ખેતી કલસ્ટર બેઝ તાલીમ યોજાઇ હતી




(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત વડનગર તાલુકાના રાજપુર વડ ગામે પ્રાકૃતિક ખેતી કલસ્ટર બેઝ તાલીમ યોજાઈ હતી. જેમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરીને ખેડૂતોને બીજામૃત, જીવામૃત તેમજ આંતરપાકો પદ્ધતિ વિશે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું એમ નવાપુરા -સુલતાનપુરાના ગ્રામસેવક નરેંદ્રભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતુ . આ તાલીમમાં આંતરપાક પદ્ધતિ વિશે તેમજ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિશે વિશેષ માહિતી આપવામાં આવી હતી તેમજ પ્રાકૃતિક ખેતી થી થતા ફાયદા અંગે પણ પ્રશ્નોત્તરી કરવામાં આવી હતીપપ..હેમ

## નેશનલ લોક અદાલતમાં ૭૬૧૪ કેસો નિકાલ કરવામાં આવ્યા

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, ન્યુ દિલ્હી, તથા ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદની સૂચના અને માર્ગદર્શન અનુસાર રાજયભરમાં તા. ૧૪/૧૨/૨૦૨૪ ના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન હાથ ધરવામાં આવેલ હતુ. જે અનુસંધાને જીલ્લા ન્યાયાધીશ અને અધ્યક્ષશ્રી, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ શ્રી જે. આર. શાહના સુચના અને માર્ગદર્શન અનુસાર જીલ્લા અદાલત, મહેસાણા તથા તાલુકા કક્ષાએ તમામ તાલુકા કોર્ટોમાં તારીખ :- ૧૪/૧૨/૨૦૨૪ ના નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવેલ. આ નેશનલ લોક અદાલતમાં સમાધાન પાત્ર ફોજદારી કેસો, મોટર એકસીડન્ટ કલેઈમ પીટીશન, નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ચેક રીર્ટનના કેસો, દેવા વસુલાતને લગતા દિવાની તકરારના કેસો તથા અન્ય પ્રકારના સમાધાનલાયક કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. આ લોક અદાલતમાં ૯૧ મોટર અકસ્માત વળતરના કેસોનો નિકાલ કરી રૂા. ૭,૫૨,૨૯,૩૭૪/-નો વળતરનો હુકમ કરવામાં આવેલ છે તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ચેક રીર્ટનના ૧૪૯૬ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

આ નેશનલ લોક અદાલતમાં પક્ષકારો તથા વકીલશ્રીઓના સહયોગથી કુલ રૂા. ૧૭૩૩૫૧૬૨૫/- સમાધાનની રકમ દ્વારા કુલ- ૭૬૧૪ કેસો નિકાલ કરવામાં આવેલ છે. રાજયમાં આ નેશનલ લોક અદાલતને સફળ બનાવવા જીલ્લાના તમામ ન્યાયાધીશશ્રીઓ તથા કર્મચારીભાઈઓ તથા શ્રી એમ. એ. શેખ, ફુલટાઈમ સેક્રેટરી, જીલ્લિા કાનૂની સેવા સત્તા મંડળ, મહેસાણાનાઓએ ખૂબ જ જહેમત ઉઠાવેલ છે.

Volume : 10 Issue : 257 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002